## || ૐ શ્રી સાઈરામ ||

## || ૐ શ્રી સાઈ જ્ઞાનસ્વરૂપાય નમઃ || (૭૬)

## જે પ્રત્યક્ષ જ્ઞાનસ્વરૂપ છે, તે પ્રભુ શ્રી સાઈને અમારા નમસ્કાર છે.

ઘણા વર્ષો પહેલાંની આ વાત છે. એક દિવસ ઈશ્વરમ્મા સ્વામી પાસે આવીને બોલ્યા-"સ્વામી, આપણું પુટપર્તિ ગામ નાનું હોવાથી ગામમાં એકપણ નિશાળ નથી. તેથી ગામના છોકરાઓને ઘણે દૂર સુધી ચાલતા જવું પડે છે. મને ખબર છે કે, તમે કરૂણા સાગર છો, તો ગામમાં છોકરાઓ માટે એક શાળા બંધાવો" આટલું જ કહીને ઈશ્વરમ્મા થોભ્યા નહીં, પણ શાળા માટે પોતાની માલિકીની જગ્યા આપી અને સ્વામીએ શાળા બંધાવી લીધી. જાણે કે જ્ઞાનસ્વરૂપ સાઈએ જ્ઞાનવૃક્ષનો નાનકડો છોડ લગાવ્યો. આગળ જતાં આ છોડ વધતો ગયો. પુટ્ટપર્તિમાં મોટી મોટી શાળાઓ બાંધવામાં આવી. અનંતપુરમાં મહિલાઓ માટે મહાવિદ્યાલયની સ્થાપના થઇ, જયારે પુટ્ટપર્તિ , વ્હાઈટ ફીલ્ડ, જયપુર તેમજ ભોપાળમાં પણ મહાવિદ્યાલયની સ્થાપના થઈ.

આના ફળસ્વરૂપ ૨૨ નવેમ્બર ૧૯૮૧ ના રોજ શ્રી સત્યસાઈ વિદ્યાપીઠની સ્થાપના થઈ. મૂલ્યો પર આધારિત શિક્ષણ પદ્ધતિ વાળી એકમાત્ર વિદ્યાપીઠ.

આ બધુ શક્ય થયું કારણ કે, ભગવાન બાબા પોતે જ્ઞાન સ્વરૂપ છે. તેથી અહીંયાં શિક્ષણ લેનારા બધા ઉપર શિક્ષણની સાથે જ સુસંસ્કાર પણ થાય, તેને માટે ભગવાનબાબા વ્યક્તિગત રીતે ધ્યાન આપે છે.

આ શિક્ષણ પ્રમાણે વૈદિક શિક્ષણ નો પણ લાભ મળવો જોઇએ તેથી ભગવાન બાબાએ વેદ પાઠશાળાની સ્થાપના આના પહેલા જ કરી હતી. તેમજ ૧૯૬૫મા સર્વપ્રથમ ઉપનયન સંસ્કાર કરી ને 400 કરતાં વધારે છોકરાઓને ગાયત્રી મંત્રની દિક્ષા આપી હતી અને તેની સાથે ' માતૃ દેવો ભવ! પિતૃ દેવો ભવ! ' આ વૈદિક મહાવાક્ય નો બોધ આપ્યો હતો.

થોડાક વર્ષો પહેલા શિમોગાથી આવેલા એક ભક્તને સ્વામીએ પૂછયું - "તું સંધ્યાવંદના નિયમિત રીતે કરે છે કે નહીં?' આ સાંભળતા જ તે ભક્ત નીચું જોવા લાગ્યો કારણ કે પહેલા નિયમિત રીતે તે સંધ્યા વંદના કરતો હતો પણ હમણાં તેનો આ નિયમ તૂટતો હતો. ત્યારે સ્વામી બોલ્યા-"કાંઈ વાંધો નહી. હજી પણ સમય ગયો નથી. હવે માત્ર નિયમિત સંધ્યા કરતો રહેજે."

ઘરે પાછા આવ્યા પછી તેણે નિયમિત રીતે સંધ્યાવંદન શરૂ કર્યું. તેની સાથે તેમના ઘરના શિવલિંગ ઉપર અભિષેક કરવાની પણ શરૂઆત કરી. જેમાં ઘણા વર્ષોનો ક્રમ તૂટ્યો હતો. આમ શરૂ

કરવાથી થોડા દિવસ પછી તેના ધ્યાનમાં આવ્યું કે, તે રંગહીન શિવલિંગ સુવર્ણલિંગ જેવું દેખાતું હતું. એટલું જ નહી, પણ તેમાં ભગવાન બાબાની પ્રતિમા (છબી) દેખાતી હતી.

આવી રીતે જ્ઞાનસ્વરૂપ સાઈએ પોતાના ભક્તને ભક્તિ અને જ્ઞાન પ્રદાન કર્યું, જે આપણને બધાને પણ પ્રાપ્ત થાઓ.

|| ૐ શ્રી સત્યસાઈનાથાર્પણમસ્તુ ||